
# દર્પણ

## (અછાંદસ કાવ્યો)




## - શ્રી યોગેશ્વરજી

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * *




e-book

Title : Darpan (દર્પણ)
Language : Gujarati
Version : 1.0
Pages : 70
Created : April 30th 2019.


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version (**ISBN 978-81-93427-88-0**). However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## શ્રી યોગેશ્વરજી

**(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)**




સાહિત્યને એનું સર્જન કરનારા સાહિત્યકારના જીવનનું દર્પણ કહેવામાં આવે તો તેમાં કશી અતિશયોક્તિ થતી નથી. સાહિત્યકાર જે વિચારે છે અથવા જે જીવે છે અને જીવવા માગે છે તે સઘળાનું પ્રતિબિંબ જ્ઞાત અથવા અજ્ઞાત રીતે, ઈચ્છા અથવા અનિચ્છાએ, તેની સાહિત્યકૃતિમાં પડતું હોય છે. એ સંદર્ભમાં વિચારતાં કવિતાને પણ કવિના મનનું દર્પણ કહી શકાય.

મારી આ પહેલાંની પ્રકાશિત થયેલી અછાંદસ કવિતાકૃતિઓ કાવ્યરસિક જનતામાં સારી રીતે આવકાર પામી છે. એ મારે માટે ઓછા સંતોષની વાત નથી. એ જ પ્રકારની એક નવી કવિતાકૃતિ પ્રસ્તુત પુસ્તકનાં સ્વરૂપમાં પ્રગટ કરવાનો સુઅવસર સાંપડ્યો છે ત્યારે અંતરમાં આનંદની લાગણી થાય એ સ્વાભાવિક છે.

કાવ્યરસિક આત્માઓ એનો લાભ લેશે અને પરિતોષ પામશે એવી અપેક્ષા અસ્થાને નથી.

**- યોગેશ્વર**




* * *

## વંદન

શ્રી યોગેશ્વરજી એક અભિનવ શૈલીથી સંપન્ન સરસ સાહિત્યકાર હોવા છતાં એમના સાહિત્યસર્જનથી અને એના દ્વારા એમણે કરેલી સેવાની પ્રાણવાન પ્રવૃત્તિથી કેટલાક સાહિત્યકારો તથા વિવેચકો સુપરિચિત નથી એ એક હકીકત છે. શ્રી યોગેશ્વરજી કેવળ સંત, મહાત્મા, યોગી અથવા ઉત્તમ પ્રવચનકાર જ નથી પરંતુ સમર્થ લેખક કે સાહિત્યકાર પણ છે. એમણે ગરવી ગુજરાતી ભાષામાં ૮૦ જેટલા પુસ્તકોનું પ્રદાન કરીને પોતાનું અનોખું, આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એ પ્રદાન વૈવિધ્યવાળું છે.

‘ગાંધીગૌરવ’, ‘કૃષ્ણ રુક્મિણી’, ‘રામાયણદર્શન’ એમની વિશાળ કાવ્યકૃતિઓ.

‘બિન્દુ’ બાળકાવ્યોનો સંગ્રહ.

‘હિમાલય અમારો’ દેશપ્રેમનાં ગીતો.

‘દ્યુતિ’, ‘અભીપ્સા’, ‘પ્રસાદ’, ‘તર્પણ’ કાવ્યસંગ્રહો.

‘અનંત સૂર’, ‘સનાતન સંગીત’, ‘ફૂલવાડી’, ‘અક્ષત’, ‘પરિમલ’ એમની અછાંદસ કૃતિઓ.

‘આરતી’, ‘આલાપ’, ‘અભીપ્સા’, ‘પ્રસાદ’, ‘સાંઈસંગીત’, ભજનો

‘રસેશ્વરી’, ‘ઉત્તરપથ’, ‘સમર્પણ’, ‘આગ’, ‘પરીક્ષિત’ જેવી પંદરેક નવલકથાઓ.

‘રોશની’ નવલિકા સંગ્રહ.

‘પ્રકાશના પંથે’ નામક આત્મકથા.

‘હિમાલયના પત્રો’ પત્રસાહિત્યની પરમપ્રેરક કૃતિ.

‘ગીતાદર્શન’, ‘ઉપનિષદનું અમૃત’, ‘યોગદર્શન’, ‘પ્રેમભક્તિની પગદંડી’, ‘ચંડીપાઠ’, ‘સાધના’, ‘યોગમીમાંસા’, ‘રામકથામૃત’, ‘ગીતાસંદેશ’, ‘ગીતા તત્ત્વવિચાર’, ‘આરાધના’ જેવા ચિંતનગ્રંથો.

‘બ્રહ્મસૂત્ર’, ‘ભાગવત’ મહાગ્રંથો.

‘તીર્થયાત્રા’, ‘કળીમાંથી ફૂલ’ જેવા પ્રવાસ પુસ્તકો.

‘સંત સમાગમ’, ‘સત્સંગ’, ‘ધર્મનો સાક્ષાત્કાર’, ‘ધર્મનો મર્મ’, ‘ઈશ્વરદર્શન’, ‘અધ્યાત્મનો અર્ક’, ‘પરબનાં પાણી’, ‘ધૂપસુગંધ’ જેવા રેખાચિત્રો તથા પ્રશ્નોત્તરી ગ્રંથો.

એકત્રીસ વાર છપાઈ ગયેલી (બે લાખ પ્રત) ‘સરળ ગીતા’.

‘ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં’, ‘હિમગિરિમાં યોગી’, ‘રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં’, એમના અંગ્રેજી પુસ્તકોના અનુવાદો.

એમનો સુંદર, સુવિખ્યાત ચરિત્રગ્રંથ ‘ભગવાન રમણ મહર્ષિ’.

એ ઉપરાંત એમની પદ્યાનુવાદ કૃતિ ‘રામચરિતમાનસ’. સંતશિરોમણી તુલસીદાસ રચિત રામચરિતમાનસનો એ પદ્યાનુવાદ ગ્રંથ ગુજરાતીભાષી પ્રજાને માટે અસાધારણ આશીર્વાદરૂપ ઠર્યો છે. એમાં એમણે રજૂ કરેલી રામાયણ નોંધ એમની તટસ્થ, મૌલિક, ચિંતનશક્તિની પ્રતીતિ કરાવે છે. એ મહાગ્રંથ દ્વારા એમણે ગુજરાતી સાહિત્યની શકવર્તી સર્વોત્તમ સેવા કરી લેખાશે.

શ્રી યોગેશ્વરજીની સાહિત્યસાધના દિનપ્રતિદિન અખંડ રીતે ચાલતી રહી છે. એમની સાહિત્યસાધનાસરિતા અસંખ્યને માટે આશીર્વાદરૂપ ઠરે છે. નીરક્ષીર વિવેકવાળા, પૂર્વગ્રહમુક્ત, તટસ્થ વિવેચકોએ એનો આસ્વાદ લેવાની અને જનસમૂહને પરિચય કરાવવાની આવશ્યકતા છે.

હિન્દી, અંગ્રેજીમાં પણ એમનાં પુસ્તકો પ્રકાશન પામ્યાં છે.

એ ઋષિ સાહિત્યસર્જકને વંદન.

**– મા સર્વેશ્વરી**

* * *

## કૃતિ પરિચય

પોતાની અછાંદસ કાવ્યરચનાનું નામ 'દર્પણ' પસંદ કરવામાં શ્રી યોગેશ્વરજીની આગવી કલાસૂઝનાં દર્શન થાય છે. કહ્યું છે કે 'A mirror does not lie.' સત્યને યથાતથ પ્રગટ કરવું એ દર્પણનો ધર્મ હોય છે. અહીં કવિશ્રીએ પણ માનવ જેવો છે તેવો પ્રગટ કરવા ચાહ્યો છે અને સાથે સાથે 'With all thy faults I love thee still' 'સ્વભાવની ઘણી બધી વંકાઈઓ હોવા છતાં હું તને ચાહું છું' એવો એની સાથેનો કવિવર 'રવિન્દ્રનાથીય સંવેદનનાતો' કાવ્યો દ્વારા સ્ફુટ કર્યો છે.

'દર્પણ'નો આરંભ કવિશ્રી 'મંદિરની પ્રાપ્તિ' કાવ્યથી કરે છે. જેમાં પ્રેમ, આરાધના, પ્રાર્થના, પોકાર તેમજ સૌંદર્ય-માંગલ્યની સંનિધિથી મંદિરનાં દ્વાર આપમેળે ઊઘડી જાય છે. એમ કહીને પ્રભુપ્રાપ્તિ કષ્ટસાધ્ય નહીં, સહજસાધ્ય છે એવો સંકેત સ્પષ્ટ કરે છે.

પ્રભુ, પ્રકૃતિ અને મનુષ્યને લક્ષ્ય કરતાં 'દર્પણ'નાં કાવ્યોમાં મોખરે છે માનવ. એનાં અવનવાં રૂપો ઉપસાવતાં પચાસેક કાવ્યો છે. જેમ કે, મનુષ્ય પોતાના 'જન્મદિવસે હરપળ સાથે રહી, જીવન સાર્થક કરવા બદલ પ્રભુને અભિનંદન અર્પે છે.' 'ત્યાગી' સઘળું ત્યાગ્યા પછી, સ્વજનો-મિત્રોની એષણા પર અટકી જતાં, પ્રભુ તેના સુધી જઈ શકતો નથી. વૈદ, ડોક્ટર, હકીમ દર્દીનું તત્કાળ નિદાન કરવામાં શૂરા પણ જે આત્મસ્થ છે તે હર હાલમાં શાન્ત-પ્રસન્ન છે. 'પારસ્પરિક સંબંધો' સનાતન-અતૂટ છે, કોઈ સંકલ્પ-સિદ્ધાન્તની જરૂર નથી. 'ઈચ્છા' સ્વકેન્દ્રી નહિ, પરમાર્થી બનવાની છે, બાહ્ય પરિસ્થિતિ નહિ પણ મનઃસ્થિતિ 'આપણા હાથમાં' છે. સૃષ્ટિ સર્જન-વિસર્જનની લીલા ભલે હોય પણ પ્રેમ એમાં સર્વોપરી અખંડ, અક્ષય આનંદમય છે.

કેટલાંક કાવ્યોમાં કવિ હળવો કટાક્ષ માર્મિક વ્યંગ કરી લઈ, અભિવ્યક્તિને વધુ કલાત્મક બનાવે છે. જેમકે, કહેવાતા કવિવર નહિ, 'કવિપત્ની' કવિતાકલાની સાચી પારેખ છે. 'નવનિર્માણ' મંદિરનું નહીં, અંદરના દેવનું કરો. 'વેદાંત'નો જ્ઞાની પ્રભુને સર્વવ્યાપી કહી, આંબાના વૃક્ષને પથ્થર મારે અને કેરી પાડતાં તું વચ્ચે આવે છે એમ બીજા જ્ઞાનીને કહે. 'સન્માન' સેનાપતિનું થાય, સૈનિકનું નહિ. 'પારિતોષિક' પસંદગી સમિતિનાં હોય, કૃતિને નહિ. 'બાગમાં' માનવ વિરલ, જાનવરો જ વસે, વિચરે અને વિલોકાય. તીર્થો, મહંતો, મંદિરો, ગ્રંથો પાછળ ઘેલા 'તપઃપૂત માનવતીર્થ – એ મંગલમય મહાદેવ' ને જ લક્ષમાં ન લીધો. સંગીત સુણવામાં મગ્ન સ્વરસમ્રાટનું વિસ્મરણ. 'સૂત્રસુમન'માં સંવાદ નહિ, માળીનું નિયમન જ કાર્ય કરે. 'વિરક્ત' અનુરાગને કહે 'તારે માટે સ્ત્રી, મારે મન નારાયણી' છે. પરમાત્મા સુધી પહોંચવા આત્મજાગૃત થાઓ, બાહ્ય કર્મકાંડોમાં અટવાઓ એવો સીધો બોધ પણ કવિશ્રી આપી રહે છે.

કવિશ્રીની પ્રભુકેન્દ્રી રચનાઓમાં 'પળે પળે પ્રતીક્ષા-ક્ષણે ક્ષણે તિતિક્ષા' અત્યંત રસમય અને પ્રભાવક છે. 'મનોરથો'માં માનવ આવાસ, વસ્ત્ર, મનુષ્ય સંબંધોમાં અટવાયો ને ત્યાં પડદો પડ્યો. એમાં અફર નિયતિની આણ સરસ રીતે સૂચવાઈ છે. 'માગણી' કાવ્યમાં 'દૃષ્ટિ નહિ દર્શન'થી શરૂ થતી વાત 'કાયા નહિ, માયા નહિ, માયાહરન (વસિષ્ઠનું જ વરણ)' ના સંકલ્પ પર સ્થિર થતાં મનુષ્યનું નિર્ભ્રાન્ત દર્શન આકર્ષક છે.

'દર્પણ'માં 'તમે નથી તો' અને 'તમે હો તો' આ બન્ને કાવ્યો સામસામે રાખી એક વિશિષ્ટ કાવ્યાત્મક પ્રયુક્તિ સાધી કવિશ્રીએ અભિવ્યક્તિને ટોચે પહોંચાડી છે. 'તમે નથી તો કાંઈ નથી'નો ભાવ. સંગીત, ગીત, પુલકિત, ચિત્ત, નવનીત, જીત, પ્રીત. એમ સળંગ, અસ્ખલિત આંતર અનુપ્રાસોમાં બહુ અસરકારક રીતે ગૂંથી દીધો છે. એ જ રીતે 'તમે હો તો બધું જ છે' એ સૂચવવા છાયા-માયા-કંચનકાયાના આંતરપ્રાસ ખપે લગાડી, સર્જકતાનો અહેસાસ કરાવ્યો છે.

'દર્પણ'નું ૨૦મું કાવ્ય 'કવિ' આખા કાવ્યસંગ્રહનું શિરોમણિ ગણી શકાય એવું અર્થગંભીર, વિલક્ષણ, વિરલ કાવ્ય છે. કવિની એક જ કવિતામાં એક વિવેચકને વિશેષતાઓ જ વિશેષતાઓ જણાય અને બીજાને એમાં કેવળ મર્યાદાઓ જ દેખાય એવું પણ બને છે. ત્યારે સાચો કવિ એ પરસ્પર વિરોધી પ્રતિભાવોથી પરે રહી, 'કશુંક પણ રહું, કશુંક થઉં ત્યાં સુધી કવિતા કરી શકું?' એમ પ્રશ્ન કરી છેવટે 'કવિતા કરતી વખતે હું કંઈ જ નથી હોતો, કવિ પણ નહિ.' એવી ઘોષણા કરી 'કવિતા એટલે અહમ્ ના વળગાડમાંથી મુક્તિ' એવું કલાનું સંપૂર્ણ સત્ય સિદ્ધ કરી રહે છે, આમાં શ્રી યોગેશ્વરજીનું જ આત્મગૌરવ નહિ, સમગ્ર ગુજરાતી કવિતાનું ગૌરવ ઝળહળી રહે છે.

આમ 'દર્પણ'નાં બધાં કાવ્યોમાંથી પસાર થતાં પ્રતીત થાય છે કે, આ કાવ્યો 'સત્યપ્રતિષ્ઠા' તો છે જ, સાથે સાથે 'જીવનની મંગલમયતાનો સંદેશ' પણ એમાં છે; જે 'શબ્દાર્થના સૌન્દર્ય' સહિત છે. પરિણામે શ્રી યોગેશ્વરજીનો 'સત્યમ-શિવમ્-સુન્દરમ્'નો કલાધર્મ આમાં એવો સહજ સિદ્ધ થયો છે. 'દર્પણ'માં આપણે એના સર્જકની ઝળહળ સર્જનપ્રતિભા જોઈ ધન્ય બની જઈએ છીએ.

**- તરલા દેસાઈ**

## <u>અનુક્રમણિકા</u>




૧. મંદિરની પ્રાપ્તિ
૨. ત્યાગ
૩. તમે અને હું
૪. અપરાધ
૫. પારસ્પરિક સંબંધ
૬. કવિપત્નીનો કાગળ
૭. મંગલ મિલન
૮. આદત
૯. તમારે માટે
૧૦. દર્શાવશો
૧૧. જન્મદિવસના અભિનંદન
૧૨. જીવન
૧૩. તીર્થસ્વરૂપ
૧૪. નવનિર્માણ
૧૫. ભૂલી શકશો નહીં
૧૬. તમારું દ્વાર
૧૭. આરાધના
૧૮. જિંદગી
૧૯. જીવનની સિતારી
૨૦. કવિ
૨૧. મહામંત્ર
૨૨. માનવ માગું છું
૨૩. પળેપળ
૨૪. મહાભાગ્ય
૨૫. જાણું છું
૨૬. ઈચ્છા
૨૭. પાસે છતાં દૂર
૨૮. વસતિ
૨૯. ભયમાં
૩૦. તમે નથી તો
૩૧. તમે હો તો
૩૨. વિભુ છતાં અલ્પ
૩૩. તમારો પ્રેમ
૩૪. સોનેરી સમય
૩૫. કેવું સારું
૩૬. આપણા હાથમાં
૩૭. મારો સઘળો પ્રેમ
૩૮. આપણો અનુરાગ
૩૯. અકારણ ચિંતા
૪૦. કર્તવ્ય
૪૧. માગણી
૪૨. આપણો સંબંધ
૪૩. છત્રછાયા
૪૪. સૂત્ર તથા સુમન
૪૫. વેદાંત
૪૬. સન્માન
૪૭. પારિતોષિક
૪૮. વિરક્તિ
૪૯. બાગમાં
૫૦. મનોરથ
૫૧. લક્ષમાં જ ના લીધો
૫૨. પ્રયોજનનું વિસ્મરણ
૫૩. સૃષ્ટિ
૫૪. શોધ
૫૫. પ્રેમ

## ૧. મંદિરની પ્રાપ્તિ

તમારા મધુમય મંદિરની પ્રાપ્તિ
કષ્ટની કારમી કેડીથી થાય છે
એવું મેં નથી માન્યું.

એમાંના કેટલાક પંચાગ્નિસેવન કરતા
તો કેટલાક કરપાત્રી બનતા.
કેટલાક ગળાબૂડ પાણીમાં શિયાળામાં રાતભર રહેતા
તો બીજા કેટલાક ઉનાળામાં પાવક પથારી કરતા.

કોઈક નગ્ન બનીને બેસતા તો કોઈક
જીભ તથા કાનને છેદતા.
કોઈ ભૂગર્ભમાં પ્રવેશતા તો કોઈ વરસો સુધી
આજીવન મૌન સેવતા.

મેં તો પ્રાણમાં પ્રેમપ્રદીપ પ્રગટાવ્યો.
અશ્રુની અનવરત આરાધના આદરી.
પ્રાર્થનાના પુષ્પો.
પોકારના પડઘમ.
નેહનાં નૈવેદ્ય.
સુંદર અને શિવની સમીપતા માણી.
ત્યાં જ મંદિર ઊઘડ્યું.

* * *

## ૨. ત્યાગ

સંસારીએ ત્યાગ કર્યો.
ધન છોડ્યું, ઘર છોડ્યું, કુટુંબ છોડ્યું,
નામ છોડ્યું, ઠામ છોડ્યું, વેશ બદલ્યો.

પર્વતની એકાંત ઘોર ગુફામાં
વૃક્ષો વચ્ચે વાસ કર્યો
નીચે નાની નદી.
પુષ્પો તથા વૃક્ષોની પંક્તિ.
ઉપર આકાશ.

ગામથી પર્વત પાસે જ હતો.
રોજ બપોરે ટ્રેનના ટાઈમે
ગુફાની બહાર બેસવાનું શરૂ કર્યું.
પ્રતીક્ષા કરવા.

દિવસો વીતી ગયા. નિરાશા થઈ.
દુનિયા કેવી છે? એ બબડ્યો;
છેક જ સ્વાર્થી. અજ્ઞાની.
કોઈ સંબંધી સ્વજન મળવા,
ખબર પૂછવા આવતું જ નથી.
એની આંખમાંથી અશ્રુ સરી પડ્યું.

ઈશ્વરને થયું,
મારી પ્રતીક્ષા તો આ કરતો જ નથી,
મારે માટે તો રોતો જ નથી;
મળવા જવું હોય તોય કેવી રીતે જઉં?

* * *

## ૩. તમે અને હું

સરિતાને લીધે પર્વતનું,
પર્વતને લીધે સરિતાનું
જીવન સુખી લાગે છે, સુભગ ભાસે છે,
પ્રસન્નતાથી પુલકિત જણાય છે.

ચંદ્રને લીધે ગગનમંડળનું,
ગગનમંડળને લીધે ચંદ્રનું,
મુખમંડળને લીધે ચક્ષુનું,
ચક્ષુને લીધે મુખમંડળનું
જીવન હર્યુંભર્યું લાગે છે, પરિપૂર્ણ ભાસે છે.

તમારે લીધે મારું, મારે લીધે તમારું
જીવન સુખી, શાંત, સુપ્રસન્ન છે.
તમારે લીધે મારું, મારે લીધે તમારું
સુશોભન છે.

સર્જને સારુ સર્જનહારની જેમ
તમારે માટે હું ને મારે માટે તમે
અનિવાર્ય છો.

સર્જનહારને સારુ સર્જકની જેમ
તમારે માટે હું ને મારે માટે તમે
સ્વાભાવિક છો.

* * *

## ૪. અપરાધ

મારો અપરાધ જો હોય તો, કહેવો હોય તો, એટલો જ
કે હું એમના માનેલા મંદિરમાં નહોતો જતો.
મારા મધુમય મંગલ મંદિરમાં જ વસતો, વિહરતો.

મારો અપરાધ જો હોય તો, કહેવો હોય તો, એટલો જ
કે હું એમના નક્કી કરેલા સન્માનનીય સદ્ ગુરુને નહોતો સેવતો.
સૌના ગુરુના ગુરુની સેવામાં શ્રદ્ધાસહિત શ્વાસ લેતો.

મારો અપરાધ જો હોય તો, કહેવો હોય તો, એટલો જ
કે હું એમના નિર્ધારિત ધર્મગ્રંથોનું અધ્યયન, અધ્યાપન નહોતો કરતો.
જીવનની કોઈપણ પળે કોઈયે સ્થળે
ધર્મગ્રંથ સિવાય નહોતો રહેતો.

મારો અપરાધ જો હોય તો, કહેવો હોય તો, એટલો જ
કે હું એમનાં માનેલા માનનીય ગણેલાં તીર્થોમાં નહોતો જતો.
તીર્થરાજ વિના રહી જ નહોતો શકતો.

તેથી તે પોતાને આસ્તિક માનતા ને મને નાસ્તિક.
પરંતુ હું જેમાં રહેતો તેમાં તે નહોતા રહેતા.
જેને જોતો તેને નહોતા જોતા.
પોતાને જ્ઞાની સમજતા અને મને અજ્ઞાની.
પોતાને મુક્ત ગણતા ને મને બદ્ધ.

મારો અપરાધ જો હોય તો, કહેવો હોય તો, એટલો જ
કે હું એમની નજરમાં નહોતો આવતો;
એ મને જાણી સમજી સ્વીકારી નહોતા શકતા.

* * *

## ૫. પારસ્પરિક સંબંધ

કોઈના ઉલ્લાસનું કારણ બનું, આંસુનું નહીં.
કોઈની છાયાનું સાધન બનું, સંતાપનું નહીં.

ઉત્થાનનું કારણ બનું, અધઃપતનનું નહીં.
જન્મનું માધ્યમ થઉં, મરણનું નહીં.

કોઈના સર્જનનું સાધન બનું, વિસર્જનનું નહીં.
કોઈના સુખનું, દુઃખનું નહીં.
વિજયનું, પરાજયનું નહીં.
સફળતાનું, નહીં કે નિષ્ફળતાનું.

એણે એવી કામના કરી કિન્તુ એને ખ્યાલ ના રહ્યો
એકની સાથે બીજું સંકળાયેલું છે;
બન્નેનો પારસ્પરિક અતૂટ સનાતન સંબંધ છે.

* * *

## ૬. કવિપત્નીનો કાગળ

પ્રત્યેક નવી કવિતાકૃતિ
પ્રકાશ પામતી ત્યારે
એ કવિવરને સાક્ષરને મહાપંડિતને મોકલવામાં આવતી,
પ્રત્યેક કૃતિ પ્રસિદ્ધ થતી ત્યારે.

સાક્ષર પંડિત સુપ્રસિદ્ધ કવિવરનું
અચાનક અવસાન થયું ત્યારે
લેખકે એ ક્રમને પડતો મૂક્યો.

ત્યાં જ કવિપત્નીનો કાગળ આવ્યો,
તમારી કૃતિઓને એ તો વાંચતા જ નહોતા,
હું જ વાંચતી;
એ મને પ્રેરણા પાતી.
તમને કદાચ ખબર નહિ હોય, નથી;
કિન્તુ મારી મદદ માટે મને મોકલજો,
મોકલતા રહેજો.

કવિપત્નીનો કાગળ આવ્યો.

* * *

## ૭. મંગલ મિલન

એ બધા મારા રસ્તાને રૂંધતા’તા;
કોઈ કાંઈક બતાવતા કોઈ કાંઈક.
એમને તમે બનાવ્યા નહોતા,
એમની મેળે જ માર્ગદર્શક બની ગયેલા.

એ ઉપદેશક, એ પૂજારી
ધર્મપ્રવર્તક અન્યના ઉદ્ધારકની બલિહારી.
એમને લીધે વિલંબ થયો.
અમારા સિવાય સર્વેશ્વર પાસે નહીં પહોંચી શકો
સર્વેશ્વરને સમજી પણ નહીં શકો, એમણે દાવો કર્યો.

લો આ ગ્રંથ, મંત્ર, સંત, મહંત, અપનાવી લો પંથ.
આ એક જ અકસીર છે ગ્રંથ, મંત્ર, પંથ, સંત કે મહંત.

જીવનનો કેટકેટલો વખત વ્યર્થ વિવાદમાં
વિહારમાં વિચારમાં ગયો!
કેટકેટલી શક્તિ ભક્તિ અનુરક્તિ
એમ ને એમ પડી રહી.

મારે હિંમતપૂર્વક બુલંદસ્વરે પોકારવું પડ્યું,
દૂર રહો ઉપદેશક પૂજારી ઉદ્ધારક,
નથી જોઈતા પંથ, બીજાના મંત્ર કે મહંત,
ગુરુ તમે કૃપા કરીને એક તરફ રહો,
કથાકાર કથા બીજાને કહો,
મને મારા આરાધ્યની પાસે એકલો જ જવા દો,
એના મંગલ મિલનમાં મળવા
એની સાથે ભળવા દો.

સારું થયું તમારો અસીમ અનુગ્રહ મારું સદભાગ્ય કે,

હું બીજા કોઈનોય નહીં તમારો થયો;
બીજા કોઈએ નહીં તમારા પંથે વળ્યો;
મારો પોતાનો જ ગ્રંથ મંત્ર સંત બન્યો.

* * *

## ૮. આદત

વૈદોએ કહ્યું હવે આ નહીં બચે.
જેમને જણાવવું હોય તેમને જણાવી દો,
તેડાવવા હોય તેમને તેડાવી લો,
હવે આ વધારે નહીં બચે.

હકીમોએ હિંમતપૂર્વક કહ્યું,
કોશિશ કરીએ છીએ છતાં પણ આશા ઓછી છે.

ડોક્ટરોએ ડહાપણ દર્શાવ્યું,
કાળનો પડદો પડવાની તૈયારી છે,
દરદી અડતાલીસ કલાકથી અધિક નથી.
સમાચાર પહોંચાડવા હોય તેમને પહોંચાડી દો,
દરદીનું આયુષ્ય અડતાલીસ કલાકથી અધિક નથી.

એવે વખતે તમે શાંત જ હતા, સ્વસ્થ હતા.
અડતાલીસ કલાક પછી દરદીએ આંખ ઉઘાડી
ત્યારે પણ તમે સ્મિત રેલતા શાંત જ હતા.

વૈદ હકીમ ડોક્ટર મૌન નહોતા સેવતા.
એમની આદત આગળ લાચાર લાગતા.

* * *

## ૯. તમારે માટે

તમારે માટે એક અશ્રુ પણ કોણ સારે છે?
અંતરના અંતરતમમાં અનુરાગનો અર્ઘ્ય ભરીને
પ્રાણના પ્રત્યેક પરમાણુમાં પૂજાનાં પ્રસૂન લઈને
રોમરોમમાં રસીલી રાગરાગિણી ભરીને
તમારે માટે એકાદ આહ પણ કોણ ભરે છે?
ચાહનાની ચિનગારીને લઈને તમારી પ્રતીક્ષા કોણ કરે છે?

તમને જ સ્વર્ગ વૈકુંઠ પરમપદ
મંગલ મુક્તિમંદિર કોણ ગણે છે?
તમને જ એકમાત્ર આરાધ્ય માની
જીવનનાં ધ્રુવપદ પરમપ્રાપ્તવ્ય જાણી
સાગર પ્રતિ અભિસરનારી સરિતા પેઠે
તમારે માટે કોણ સરે છે?
જીવનનું સારસર્વસ્વ કોણ ધરે છે?
જીવનને જલાવીને પળેપળે કોણ મરે છે?
તમને જ કોણ વરે છે?

* * *

## ૧૦. દર્શાવશો?

ના જાણે કેટલા બધા વખતથી
પૂજાનાં પુષ્પોને લઈને ઊભો છું,
તમારા મંગલ મંદિરદ્વારે પ્રેમપૂર્વક પ્રતીક્ષા કરું છું.
ના જાણે કેટલા બધા વખતથી
ધૂપ-દીપ-નૈવેદ્ય-સેવાની સામગ્રી સાથે ઊભો છું.

તમારા વિના મારું કોઈ જ નથી.
આરાધ્યા, ઉપાસ્ય, પ્રેમાસ્પદ, પ્રાપ્તવ્ય.
તમારા વિના તન મન અંતરમાં
અણુઅણુમાં બીજું કોઈ જ નથી.

વખત વીતતો જાય છે.
લગન વધતી જાય છે.
પૂજાની ઘડીઓ ઘટતી જાય છે, ઓછી થાય છે.
વખત વીતી જાય, વ્યથારૂપ થાય તે પહેલાં
મંદિરદ્વાર ઉઘાડશો, અપનાવશો?
મધુર મુખમંડળ બતાવશો?
તમારો અનુરાગ પણ
મારાથી ઓછો નથી એ દર્શાવશો?

* * *

## ૧૧. જન્મદિવસનાં અભિનંદન

મારા જન્મદિવસે તમને અભિનંદન આપું.
પૃથ્વી પર પ્રાદુર્ભાવ પામીને
મેં તમારા જપ કર્યા, તપ કર્યા,
તમારે માટે અંતરમાં અનુરાગના અર્ણવ ભર્યા,
પ્રેમપૂર્ણ પોકારો પાડ્યા, પ્રાર્થના કરી,
અન્યનાં અશ્રુ લૂછ્યાં.
સંતપ્તને છાયા ધરી; પિપાસુની પરબ બની
પ્રાણે કેટલાયને પ્રેરણાનાં પીયૂષ પાયાં.
વીણા પર તમારાં જ ગીત ગાયાં.
તમને એને માટે અભિનંદન આપું.
મારા આવિર્ભાવ દ્વારા એવો અનેરો અવસર આપવા બદલ
અભિનંદન આપું.

મારા જન્મદિવસે તમને અભિનંદન આપું.
મારા મનોરથને પૂર્ણ કરવા, મને કૃતાર્થ બનાવવા
તમે મારી સમક્ષ સાકાર બન્યાં, જીવનસંગિની થયાં.
નિર્ગુણ નિરાકાર હોવા છતાં
માનવના સુધાસભર સામાન્ય સ્વરૂપે
મારી સાથે રસપૂર્વક રહેતાં થયાં.

હવે આવી જ રીતે રહો, ફરો, શ્વાસ લો,
મહીમંડળને મધુમય કરવા, સુખશાંતિથી સજવા
સંવાદિતાથી ભરવા
અનંતકાળ સુધી આવી જ રીતે શ્વાસ લો
સૃષ્ટિને સ્વર્ગસદૃશ-એનાથી પણ અદકી કરો,
એને માટે મારો સદુપયોગ કરો :
અન્યનાં ક્લેશ કાપું એવી કૃપા કરો,
મારા જન્મદિવસે તમને અભિનંદન આપું, એવું સૌભાગ્ય ધરો.

* * *

## ૧૨. જીવન

જીવન કેટલું બધું અલ્પ, સ્વલ્પ,
પ્રબળ ગતિએ વહેનારું
શીઘ્રાતિશીઘ્ર સમાપ્ત થનારું!

એમાં આધિ,વ્યાધિ, ઉપાધિ.
વિપત્તિ વેદના, પ્રિયજનના વિયોગ.
અનેકાનેક આઘાત, પ્રત્યાઘાત,
પતન, ઉત્થાન, લાભાલાભ.

જીવન કેટલું બધું અલ્પ,
સ્વલ્પ, અચોક્કસ.
એમાં સ્થિર થવાના, શક્તિશાળી બનવાના, સંઘર્ષ.
એમાંથી જે અતિ અલ્પ, સ્વલ્પ બચે
તેમાં તમારા તરફ મન ઢળે
તમારી પ્રીતિ જાગે,
તમને હૃદય વરે.
એમાં પણ આવા આટાપાટા રચો
વિરહમિલનના,
તો માનવના ભાગ્યમાં
તમારા શાશ્વત સંમિલનસુખ-શુ શું રહે?

* * *

## ૧૩. તીર્થસ્વરૂપ

તમારા ચરણોમાં તીર્થો છે,
સમસ્ત સંસારનાં તીર્થો છે.
શરીરમાં સરિતાઓ સ્રોતો,
અંગપ્રત્યાંગમાં પરમાણુમાં
પ્રાણના સ્પંદનોમાં
પરમધામ પ્રકટ્યાં છે.

તમે તીર્થસ્વરૂપ છો.
તીર્થો તમારા પરમતીર્થરાજમાંથી
જ પ્રકટ્યાં છે.

* * *

## ૧૪. નવનિર્માણ

મંદિરોનાં નવનિર્માણ કરો
એમને અવનવાં આશીર્વાદરૂપ રૂપ ધરો,
હાલતાં ચાલતાં ખાતાં પીતાં બોલતાં
મંદિરોની માવજત કરો,
એમને પુનરુદ્ધાર ધરો.

એમના દીપક મંદ પડ્યા છે, બુઝાઈ ગયા છે,
ઘંટારવ શાંત થયા છે.
અભિષેક, આરતીની આવૃત્તિ એમાં નથી થતી.
નથી ફૂલ, ફળ, નૈવેદ્ય.
આરાધક અથવા પૂજારીનું પણ અસ્તિત્વ નથી.

અંદરના દેવ તંદ્રિત છે
એની ઉપાસના કરો
એને શ્રદ્ધાભક્તિ આશા ચેતના અવનવા રૂપરંગ ધરો.
મંદિરોનાં નવનિર્માણ કરો.

* * *

## ૧૫. ભૂલી શકશો નહીં

મહીમંડળની મહાયાત્રામાં
મેં કરેલી અક્ષય અનવરત આરાધના
જ્યારે મોટાભાગના માનવયાત્રી તમને ભૂલી ગયેલા,
ભૂલવામાં ગૌરવ ગણતા'તા,
ત્યારે તમારી પ્રત્યે પ્રવાહિત કરેલી પ્રીતિ
મને નથી લાગતું તમે ભૂલી શકો, યુગો સુધી ભૂલી શકો.
તમે મને નહીં ભૂલી શકો.

તમે પણ પ્રેમમય છો, કરુણાર્દ્ર કહેવાઓ છો,
કરુણાથી પ્રેરાઈને મેં તમારી કરેલી પ્રેમપ્રશસ્તિ
એ વખતે ટપકેલાં અશ્રુ, જાગેલાં અંતરસંવેદન,
અહર્નિશ નહિ તો એકાદવાર પણ તમને યાદ આવશે,
મને વિશ્વાસ છે તમે તેને ભૂલી નહીં શકો.
તમે મને નહીં ભૂલી શકો.

પ્રેમનો પ્રભાવ પથ્થર પર પણ પડે છે
પાર્થિવ પરમાણુ પર પણ, તમારા પર તો પડશે જ.
વખતના વીતવાની સાથે સઘળું શાંત થશે,
ધરતી ગગન બધું બદલાઈ જશે, અવનવું બનશે;
નહીં બદલાય કેવળ આપણો અનુરાગ.
એ તો આવો જ અક્ષય અપરિવર્તનશીલ રહેશે.
મારી સફરને સુખદ સફળ સાર્થક કરનારા પ્રેમને ને મને
નહીં ભૂલી શકો,

સાધનાની સાર્થકતા, તપની ઈતિકર્તવ્યતા,
પ્રીતિની પરિપૂર્ણતા, એથી અધિક શી હોય?
એથી અધિક શી હોય શરીરધારણની સફળતા?
મારું શુભાગમન એટલેથી જ સાર્થક થયું.
તમે એને નહીં ભૂલી શકો. તમે મને નહીં ભૂલી શકો.

* * *

## ૧૬. તમારું દ્વાર

તમારે દ્વારે મેં પુષ્પોની પ્રફુલ્લ માળાઓ મૂકી,
પુષ્પો પાથર્યાં,
આરતી ઉતારી, નૈવેદ્ય ધર્યું.
જે જે જરૂરી હતું તે બધું જ કર્યું
તો પણ દ્વાર ના ઊઘડ્યું.

તમારે દ્વારે મધુમય મલ્હારગીત ગાયું,
પોકારો પાડ્યા,
શાંત સંવેદન અનુભવ્યાં, સ્તોત્ર વાંચ્યાં.
જે જે જરૂરી હતું તે બધું જ કર્યું
તો પણ દ્વાર ના ઊઘડ્યું.

એ સઘળું છોડીને શાંત થયો
સમર્પિત બન્યો
દ્વાર ત્યારે જ ઊઘડ્યું,
ઊઘડ્યા વિના ના રહ્યું.

* * *

## ૧૭. આરાધના

સૂર્ય સહસ્ત્રો સ્વર્ણકિરણે અંજલિ આપે છે
ચંદ્ર ચાંદની છાંટે છે;
તારા આરતી ઉતારે છે;
સરિતા સુમધુર સંગીતસ્વરે સ્તવે છે
સાગર ઉત્તુંગ તરંગે પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરે છે;
પવનની લલિતલહરી લાસ્યનૃત્ય કરીને આરાધે છે;
પુષ્પો પાંખડીને ખોલીને પ્રેમ પ્રદર્શાવે છે,
ઉષાસંધ્યા ઉપાસે છે.

પૃથ્વી એના ચિંતનમનનમાં કલ્પોથી મગ્ન અને અચળ છે-
પર્વતો એને અવલોકતા મંત્રમુગ્ધ સમાધિસ્થ છે.
હું એકલો જ નથી આરાધતો,
આખી અવની આરાધે છે.

* * *

## ૧૮. જિંદગી

જિંદગીનો પંથ જટિલ છે જાણું છું,
જાણું છું એ પંથે પાર વિનાના પથ્થર તથા કંટક છે,

ખાડાટેકરા આવે છે, આરોહ-અવરોહનો અંત નથી;
વિષમય વિપરીત વિષયવાયરા વાય છે.
શીળી સુધાસભર છાયા તો ક્વચિત્ જ સદભાગ્યે જ સાંપડે છે;
મોટાભાગે તો આકરી અગ્નિજ્વાલા જલે છે;
તો પણ એનો અફસોસ નથી, ભય નથી.
જિંદગી જિંદગી છે જાણું છું.

એના પંથ પર પરિમલ પાવન પાર વિનાનાં પુષ્પો પથરાઈ જાય
શીળી સુધાસભર છાયા છવાય
એના રેતાળ રણમાં વનસ્થલીની સૃષ્ટિ થાય
એવી મારી પ્રાર્થના નથી.
એને માટેની ભાવના, વૃત્તિ, પ્રવૃત્તિ અવશ્ય છે.
કિન્તુ એને સંપૂર્ણ સાફલ્ય ના સાંપડે તોપણ
એટલું અવશ્ય માગી લઉં છું,
જિંદગી જીવન જ રહી જાય, મરણ ના થાય,
આપના અમોઘ અલૌકિક આશીર્વાદરૂપે અનુભવાય,
અભિશાપ ના જણાય.

* * *

## ૧૯. જીવનની સિતારી

જીવનની સિતારી વિવિધ સ્વરોની સૃષ્ટિ કરે છે.
ક્યારે મિષ્ટ ક્યારેક ક્લિષ્ટ
ક્યારેક શાંત, અશાંત ક્યારેક ભ્રાંત
ક્યારેક સુખમય તો ક્યારેક દુઃખમય
ક્યારેક મિલનમંગલ ક્યારેક વિરહક્રંદન
ક્યારેક હર્ષમય ક્યારેક શોકભર
જીવનની સિતારી વિભિન્ન સ્વરોની સૃષ્ટિ કરે છે,
મહેફિલ ધરે છે.

એના પ્રત્યે અરુચિ નથી થતી
અવજ્ઞા નથી જાગતી,
એના પરિત્યાગની તૈયારી કરવાનું મન નથી થતું.
એ એટલી જ આકર્ષક લાગે છે, આરામપ્રદાયક ભાસે છે.
વિસંવાદની વચ્ચે સંવાદ ભરે છે.

જીવનની સિતારી એક જ સ્નેહસ્વરની સૃષ્ટિ કરે છે.

* * *

## ૨૦. કવિ

એ લોકો કહે છે કે હું કવિ નથી.
મારી કવિતામાં નથી શબ્દમાધુર્ય, કલ્પનાચાતુર્ય,
નથી છંદ અર્થ રસનો તરલ ત્રિવેણીસંગમ;
એમાં મૌલિક અસાધારણ એવું કશું નથી,
કવિતામાં કવિતા જેવું કશું નથી.

એ લોકો કવિતાનું વિશ્લેષણ કર્યા જ કરે છે,
એના વિશે લખે છે, વદે છે, જાહેર કરે છે,
હું આજનો અગ્રગણ્ય મોટામાં મોટો કવિ છું.
મારી કવિતામાં કવિતાના સઘળા ગુણો છે.

એવી રીતે ઉભયનો ગજગ્રાહ ચાલે છે.

કિન્તુ મેં કહ્યું છે જ ક્યાં હું કવિ છું?
કશુંક પણ રહું, કશુંક થઉં ત્યાં સુધી
કવિતા કરી શકું છું?
કવિ થઈ શકું છું?
મેં તો કહ્યું છે
કવિતા કરતી વખતે હું કાંઈ જ નથી હોતો,
ના. કવિ પણ નહિ.

* * *

## ૨૧. મહામંત્ર

તમારી એકનિષ્ઠ ભાવભીની ભક્તિનો આધાર લઈને
તમને પરિમલથી પરિપ્લાવિત પુષ્પો ચઢાવું છું,
તમારી સમક્ષ સ્તોત્રપાઠ કરું છું,
તમારા મહિમાનું મંગલમય ગૌરવગીત ગાઉં છું,
અર્ઘ્ય અને નૈવેદ્ય ધરાવું છું,

સુંદરતમ સુવાસિત વસ્ત્રોથી, સુમનમાળાથી શણગારું છું;
તમારી આરતી ઉતારું છું.
તો પણ સંતોષ નથી થતો,
જીવનવીણાનો વિસંવાદ નથી મટતો.
આરાધનાનો મધુર મહોત્સવ નથી બનતો.

તમે મારા અસંતોષને ઓળખીને જણાવો છે,
મને શું ગમે છે, શું નથી ગમતું,
એના ખ્યાલ રાખ તો અસંતોષ ટળી જશે,
જડતા જલી જશે,
વિસંવાદ વિલીન બનશે.

મને મહામંત્ર મળી ગયો,
મહામૃત્યુંજય મહામંત્ર.

* * *

## ૨૨. માનવ માગું છું

માગું છું માનવ
માટીના નહીં, ભાથીશા,
જેમને નાનાં મોટાં કોઈપણ પ્રલોભનો પ્રભાવિત ના કરી શકે,
વાસના વિકારોની વિષવરાળો વીંટી ના શકે;
માનની મોહિનીથી અંધ ના બને,
ધન ધરા રમા સત્તા પદની લિપ્સા લાલાયિત ના કરે;
વાવાઝોડાં વરસતાં હોય, પવનો ફૂંકાતા હોય,
માર્ગ ના મળતા હોય, અંગાર ઝરતા હોય,
તો પણ હતપ્રભ ને નાહિંમત ના બને;
પ્રકાશને જ ભજે, સત્યને જ સજે;
કદી કોઈયે કારણે ક્યાંય
દાનવ બની જ ના શકે,
એવા માનવ માગું છું.
માગું છું માનવ.

* * *

## ૨૩. પળે પળે

પળે પળે પ્રતીક્ષા.
ક્ષણે ક્ષણે તિતિક્ષા.

મારી સમસ્ત સામગ્રી સાથે તમારી જ આરાધનાના
અલૌકિક અવસરની પ્રતીક્ષા.

પળે પળે પ્રતીક્ષા.
ક્ષણે ક્ષણે તિતિક્ષા.

સરિતા સાગર પ્રતિ સરે છે તેમ
મારું સર્વસ્વ તમારા તરફ વહે છે.
મારી સિતારીના સંગીતસ્વરો તમારે માટે જ સરે છે.

પુનિત પ્રસન્ન પ્રભાતે પુષ્પો પ્રગટી રહે છે તેમ
મારું સર્વ કાંઈ તમારે માટે પ્રગટે છે.

તમને પોતાની પૂજા ધરે છે.
કોઈ કહે છે આવું કેમ?
હું કહું છું આવું કેમ નહીં?

જે શેષ છે તે જ આગળ વધે છે.
બીજમાંથી વૃક્ષ, વિશાળ વટવૃક્ષ બને છે.

* * *

## ૨૪. મહાભાગ્ય

જીવનની આ મહાયાત્રામાં
તમારો સ્નેહાળ સાથ સાંપડ્યો,
તમારી હૂંફ પામ્યો, અમીદૃષ્ટિ પામ્યો,
તમારા સુધામય સ્વરૂપની ઝાંખી કરી શક્યો,
સુખદ સ્વરોને સાંભળી શક્યો,
સુરદુર્લભ ચંદનશીતલ સ્પર્શને અનુભવ્યો
એને મારું મહાભાગ્ય માનું છું.
સાચું જીવન જાણું છું.

જીવનની આ મહોત્સવમયી મહાયાત્રામાં
તમારે લીધે આગળ વધી શક્યો,
શાંતિ પામી શક્યો.
તમારે લીધે, તમારી સહાયતાથી
જીવનને ઝંકૃત કરી શક્યો,
તમારો પ્રેમી, તમારો બનીને
તમને મારાં કરી શક્યો,
એને મારું સર્વોત્તમ સૌભાગ્ય સમજું છું,
ગૌરવ ગણું છું.

યાત્રાની સમાપ્તિ સમીપ છે.
પરંતુ આપણો જીવનપંથ હજી પૂરો નથી થયો.
એ પંથે તમે સદાને સારુ
મારી સમીપે, સાથે, શ્વાસોશ્વાસે રહેશો,
એને મારું મહાભાગ્ય ગણું છું.

* * *

## ૨૫. જાણું છું

જાણું છું તમારી આંખમાંથી કોણ જુએ છે.
અનુરાગના અલૌકિક અખંડ આટાપાટા રચીને
અંતરને કોણ ધુએ છે;
જાણું છું તમારી આંખમાંથી કોણ જુએ છે.

જાણું છું તમારી વાણીમાંથી કોણ વહે છે.
વહાલની વેણુ પર વેણુ વગાડીને
મારી વેણુ જગાડીને, નવા સાજે સજાવીને,
પ્રાણને પ્રેમથી કોણ પરિપ્લાવિત કરે છે,
જાણું છું તમારી વાણીમાંથી કોણ પરિચય ધરે છે.

જાણું છું તમારા સુધાસભર સ્પર્શમાં
કોનો સ્પર્શ તાજો બને છે; કોણ હૈયે હેયું ધરે છે,
આતમથી આતમને એક કરે છે.

પૂર્વની પ્રબળ પુનિત પ્રીતના અનુસંધાનમાં
કોણ જીવનમાં જાદુ ભરે છે,
નસનસને નેહ ધરે છે,
શ્વાસ પ્રશ્વાસને સજીવન કરે છે,
સ્વર્ગમુક્તિ પૂર્ણતાથી પણ અધિક સાર્થક ઠરે છે,
જાણું છું કોણ તમારા સ્વરૂપે સ્નેહ કરે છે.

* * *

## ૨૬. ઈચ્છા

જીવનનો જે રહ્યોસહ્યો સમય શેષ છે
તે સમય દરમિયાન
તમારું સનાતન સુખદ સ્વર્ગીય સાન્નિધ્ય પામી શકું
એ સિવાય બીજી કોઈ જ ઈચ્છા શેષ નથી રહી;
તમારી શાશ્વત સુધાસભર સંનિધિ પામી શકું.

શ્વાસમાં શ્વાસ,
રોમે રોમ,
દૃષ્ટિમાં દૃષ્ટિપાતને પરોવી શકું,
સમસ્ત વ્યક્તિત્વને તમારા વહાલે વલોવી શકું,
એ સિવાય અન્ય એકે આકાંક્ષા શેષ નથી રહી,
તમારા પ્રાણમાં પ્રાણને વલોવી શકું.

એજ મુક્તિ, સિદ્ધિ, પરમપદ.
તમને સર્વ સ્થળે, સર્વ ક્ષણે મારાં બનાવી શકું,
તમારા પ્રેમપારાવારમાં પ્રાણને પખાળી શકું,
પાવન કરી શકું,

અરે તમને પોતાને પણ ધન્યતા ધરી શકું,
એ સિવાય બીજી કોઈ જ કામના શેષ નથી રહી,
તમારો રહીને તમને સંપૂર્ણપણે મારાં કરી શકું.

* * *

## ૨૭. પાસે છતાં દૂર

તમારું પરમધામ છેક જ પાસે
પ્રાણની પણ પાસે છે;
તો પણ ત્યાં પહોંચવાનો,
તેમાં પ્રવેશવાનો પંથ કેટલો કપરો છે?

તમારું મંગલ મંદિરદ્વાર તદ્દન પાસે છે.
કેટલીકવાર તો જન્મોજન્મની
અખંડ અલૌકિક આરાધના
તમારી સુરતાસભર સ્નેહસિતારી
સ્થળે સ્થળે ક્ષણે ક્ષણે વાગી રહી છે.
એના સુસ્વર સર્વત્ર છૂટી રહ્યા છે.
તો પણ એને શ્રવણનો વિષય બનાવતાં,
એના આધારે તમારી પાસે પહોંચતા,
કેટલો બધો વિલંબ લાગે છે?

માગે છે.

છતાં પણ જે દૂર છે
તે તમારી કૃપાથી પાસે થાય છે.
કઠિન સરળ બની જાય છે.
કૃપાનું રશ્મિ રેલાતાં
આવરણનો અંત આવે છે,
તમારું દર્શન સહજ થાય છે.

* * *

## ૨૮. વસતિ

બધા કહે છે વસતિ વધે છે.
હું પૂછું છું કોની વધે છે,
પશુની, પક્ષીની, વનસ્પતિની, પથ્થરની?
વસતિ કોની વધે છે?
માનવની કે દાનવની વધે છે?

માનવની વધતિ હોય તો તો ચિંતા નથી.
ભલે વધતી, અનંતગણી વધતી.
માનવની વસતિવૃદ્ધિ વિરલ અતિવિરલ
છતાં આવશ્યક છે.

બધા કહે છે ફરિયાદ કરે છે વસતિ વધે છે.
હું પૂછું છું નરની, ખરની, ખચ્ચરની,
માંકડ, મચ્છરની
કોની વધે છે?
વસતિ કોની વધે છે?

* * *

## ૨૯. ભયમાં

એમણે પોકાર પાડ્યો, શોરબકોર કરી મૂક્યો,
લોકશાહી, શાંતિ, સ્વતંત્રતા, માનવતા ભયમાં છે.
રાષ્ટ્રના માન્ય નિર્દોષ નેતાઓને પકડ્યા,
કારાવાસમાં ધકેલ્યા.
જેમણે કહ્યું ચોર નથી તેમને જણાવ્યું તમે ચોર છો,
સમાજના હિતશત્રુ છો.
તમારે લીધે બધું જ ભયમાં છે.

એમણે એકાએક પોકાર પાડ્યો, શોરબકોર કરી મૂક્યો,
લોકશાહી, શાંતિ, સ્વતંત્રતા, માનવતા,
રાષ્ટ્રની સંસ્કૃતિ ભયમાં છે.
ન્યાયપાલિકાને નિસ્તેજ કરી,
રાષ્ટ્રસભાને નિરર્થક.

અન્યની સભા પર પ્રતિબંધ મૂકીને
પોતે સભા ભરી, રેલી કાઢી,
સૂત્રોની રાતોરાત શોધ કરી.
વિરોધને દબાવી દેવા
મંત્રણાની સૃષ્ટિને બદલે યંત્રણાની વૃષ્ટિ કરી,
લોકશાહીની સ્વસ્થ રીતરસમોને નેવે મૂકી.
આપખુદીને અપનાવી.
છતાં પણ પોકાર પાડ્યો, શોરબકોર કરી મૂક્યો,
લોકશાહી, શાંતિ, સ્વતંત્રતા, માનવતા,
અમારું જીવન ભયમાં છે.

સમજદાર સમજી ગયા,
બીજું કશું નહિ, સત્તા ભયમાં છે.

* * *

## ૩૦. તમે નથી તો

તમે નથી તો જીવનમાં શું નથી, ખબર છે?
સંગીત.

તમે નથી તો જીવનમાં શું નથી, ખબર છે?
સંગીત.

તમે નથી તો જીવનમાં શું નથી, ખબર છે?
નાનુંસરખું નામનું પણ ગીત.
સુસંવાદી સ્વસ્થ પ્રસન્ન ચિત્ત.
પ્રાણ પુલકિત.
રસની રેલમછેલ,
ચોક્કસ રીત.

તમે નથી તો જીવનમાં શું નથી, ખબર છે?
નેહનું નવનીત.
જીત.
પળે પળે પાંગરનારી
પરમાનંદદાયિની પ્રીત.

તમે નથી તો જીવનમાં શું નથી, ખબર છે?

* * *

## ૩૧. તમે હો તો

તમે હો તો જીવનમાં શું હોય, હોઈ શકે, ખબર છે?

શીતળ સુખદ છાયા
મનહર માયા.
આતમ સાથેની કંચન કાયા.
તમે હો તો જીવનમાં શું હોય, હોઈ શકે, ખબર છે?

સંજીવનપ્રદ સ્વર્ગીય સુવાસ,
સાર્થક સ્વતંત્ર શ્વાસ,
સ્વર્ગમુક્તિ પરમધામ વૈકુંઠનો નિવાસ.
તમે હો તો જીવનમાં શું હોય, હોઈ શકે, ખબર છે?

રસ કસ. તનમન સઘળું'યે વશ.
નવી સ્ફૂર્તિ, નવી શક્તિ અવનવા આહલાદે
મહોત્સવ માંડે પ્રત્યેક નસ.

બીજા કોઈની જરૂર ના રહે
પરવશતા ના રહે
ચિત્ત બીજું કાંઈ જ ના ચહે,
કાળજું કૃતાર્થતાની કથા કહે.
શું ના હોય, ના હોઈ શકે, એ જ સવાલ રહે.

તમે હો તો જીવનમાં શું હોય, હોઈ શકે, ખબર છે?

* * *

## ૩૨. વિભુ છતાં અલ્પ

જીવનનું સર્વશ્રેષ્ઠ સુખ?
તમારું દર્શન.
સર્વોત્તમ શાંતિ?
સ્પર્શન.
જીવનની પરમ પ્રસન્નતા?
તમારી સાથેનું સંભાષણ.

તમારાં લોચનમાં, તમારી સુખદ સંનિધિમાં,
સ્વર્ગ, અપવર્ગ, પરમપદ.
તમારા અંગપ્રત્યંગમાં, અભિનયમાં
આનંદનો આવિર્ભાવ.
અનુગ્રહની અવિરત અમીવર્ષા.
તમારી પવિત્ર પદરજમાં રિદ્ધિસિદ્ધિ.

તો પણ તમે ભક્તના સુખે સુખી
દુઃખે દુઃખી.
સૌથી મહાન, મહિમામય
તો પણ ભક્તને મહાન માનનારાં,
મહિમામય કરનારાં.
તમે વિભુ વિરાટ
તો પણ તમારા પ્રેમીની આગળ
અલ્પ.

* * *

## ૩૩. તમારો પ્રેમ

પાણી (પય) પીયૂષ તૃપ્તિ ધરે છે
શીતળ કરે છે પરંતુ પીવાથી ઘટે છે;
તમારો પ્રેમ પ્રતિપળ વધે છે.

પ્રતિપળે નૂતન પ્રતિસ્થળે પૂરણ.
વખતના વીતવા સાથે બીજું બધું જૂનું થાય છે,
જીર્ણ બને છે, મટી જાય છે;
તમારો પ્રેમ ત્રિકાલાબાધિત અવસ્થાતીત
અખંડ યુવા રહે છે.
ન ઘટે છે, મટે છે, ન મરે છે.

ઉષા જેમ નિત્ય નવી, ધરતીનું એવું જ અમી,
મેઘધનુની મીઠી છટા, વૃક્ષોની નિતનવી ઘટા;
તમારો પ્રેમ એવો જ અવનવો અમૃતમય છે.

આશ્ચર્ય એ છે કે કોઈક જ એને ઓળખે છે,
કોઈક જ એના આસ્વાદ માટે તલસે છે.
એનું બિંદુ પણ પામે છે તે બડભાગ બને છે.

* * *

## ૩૪. સોનેરી સમય

જીવનનો સુરદુર્લભ સોનેરી સમય છે
એને આમ અધિક અલગ થઈને
દૂર રહીને વેડફી ના નાખો
જીવનનો જે અમુલખ અમૃતમય અવસર છે
એને આમ વિયોગની વિપરીત વિપળોમાં વેડફી ના નાખો
એકમેકની પાસે જ રાખો.

કેટકેટલા સદભાગ્યથી સાંપડે છે આ સુવર્ણ સમય?
જંતુઓમાં નરજન્મ દુર્લભ.
એમાં વળી તમારો પ્રેમ તલસાટ
અસાધારણ અખંડ અનુરાગ,
અશ્રુ આહ અનિદ્રા.
એને તમારા આશ્લેષથી આનંદ ધરો સફળ કરો,
વધારે ને વધારે વહેલી તકે સાથે રહીને સાર્થકતા ધરો.

વખતે વીતે છે એ ઉત્સવને ઓછો કરે છે,
પળો પસાર થાય છે એ મિલનની માધુરીને હરે છે.
જીવન મૃત્યુ ઠરે છે.
સાચેસાચ સમજુ છો, સ્નેહી છો,
તો વિપળનોય વિલંબ ના કરો,
કોઈવાર કોઈયે કારણે અલગ ના બનો, દૂર ના રહો.
જીવનના સારદુર્લભ શેષ સમયને સાર્થક શાશ્વત કરો
જીવન ધરો.

* * *

## ૩૫. કેવું સારું

જીવનભર મારી જ શાંતિ સારુ સાધના કરું
એના કરતાં અશાંતની સ્વલ્પ પણ શાંતિ માટે કોશિશ કરું, તો કેવું સારું!

જીવનભર મારા જ સુખોપભોગની ભાવનાથી પ્રેરાઈને પ્રયાસ કરું
એનાં કરતાં દુઃખીના દુઃખનિવારણનો થોડોક પણ પ્રયત્ન કરું, તો કેવું સારું!

જીવનભર મારી જ મુક્તિ માટે, પૂર્ણતા પરમપદ માટે પુરુષાર્થ કરું
એના કરતાં બદ્ધને મુક્ત કરવા, અપૂર્ણને પૂર્ણ કરવા,
બીજાને ઉત્તમ પદ ધરવા મહેનત કરું, તો કેવું સારું!

જીવનભર મારે માટે જ છાયાને સુરક્ષિત રાખું
એના કરતાં સંતપ્તને માટે છાયા કરું, છાયા બનું, છાયા ધરું, તો કેવું સારું!

પરબના પીયુષપાણીને આજીવન પીધા જ કરું
એના કરતાં કોઈની પરબ બનું, પરબ કરું, તો કેવું સારું!

જીવનભર અન્યનું આલંબન લઉં, અન્યનો આશ્રય લઉં,
એના કરતાં આશ્રયહીનનો આશ્રય બનું, અન્યનું આલંબન થઉં, તો કેવું સારું!

જીવનભર મારા આનંદાનુભવ માટે જ મનોરથ કરું,
એના કરતાં આનંદની અપેક્ષાવાળાના આનંદ માટે મહેનત કરું, તો કેવું સારું!

અન્યની શાંતિ, સુખાકારી, મુક્તિ, પૂર્ણતા, સદગતિ, છાયા, પરબ
આલંબનવૃત્તિ, પ્રસન્નતામાં અંતરાય ના બનું
સાધક નહિ તો બાધક તો ના જ થઉં, તો કેવું સારું!

* * *

## ૩૬. આપણા હાથમાં

જોવું ના હોય તો પણ જોવું પડે
રુચે ના રુચે તેવું જોવું પડે
સુણવું ના હોય તોપણ સુણવું પડે
રુચે ના રુચે તેવું સુણવું પડે.

જવું ના હોય તોપણ જવું પડે
રુચે ના રુચે ત્યાં જવું પડે.
રહેવું ના હોય તો પણ રહેવું પડે
રુચે ના રુચે ત્યાં રહેવું પડે.

મળવું ના હોય તો પણ મળવું પડે
રુચે ના રુચે તો પણ મળવું પડે.
વદવું ના હોય તો પણ વદવું પડે
રુચે ના રુચે એવું વદવું પડે.
અડવું ના હોય તો પણ અડવું પડે.
રુચે ના રુચે એવાને અડવું પડે.

કિન્તુ એની અસર
થવા દેવી ના થવા દેવી
ક્યારે કેટલી થવા દેવી
એ આપણા હાથમાં છે.

* * *

## ૩૭. મારો સઘળો પ્રેમ

મારો સઘળો પ્રેમ તમારે માટે.
અણુ અણુથી આવિર્ભાવ પામેલો
પરમાણુમાંથી પ્રકટેલો
રગરગમાં રસેલો
શ્વાસપ્રશ્વાસમાં પ્રસરેલો
રક્તબિંદુમાં રણકેલો
પાવન પ્રેમ તમારે માટે,
મારો સઘળો પ્રેમ તમારે માટે.

મારા સઘળા ઉમળકા
ભાવ વિચાર સંસ્કાર
સમસ્ત કલ્પનાવૈભવ
પાંખ અડાડી સરિતામાં સ્નાન કરી ઊડી જતાં પંખીની પેઠે
છૂટાછવાયાં કેશને સંકેલી કેશલટમાં બાંધનારી કિશોરીની પેઠે
તમારે જ માટે વહેતા કરું છું.

મારું સમસ્ત જીવન તમારે માટે.
તમને એનો અર્ઘ્ય ધરું છું.
તમને મળું છું અને અહર્નિશ અનવરત રીતે
તમારી તરફ અભિસરણ કરું છું.
સિંધુમાં સમાતી સરિતાની પેઠે
એને લઈને તમારી તરફ અભિસરણ કરું છું.

* * *

## ૩૮. આપણો અનુરાગ

પંખી પાંખને પલાળીને કિલ્લોલ કરે, સ્નાન કરે
પોતાની ચાંચમાં પાણી ભરે
સરિતા તોપણ શોષાતી નથી, સૂકાતી નથી,
એનો સલિલભંડાર ખૂટતો નથી.

સૂર્ય ગમે તેટલું શોષે
વરાળમાં વાદળમાં પરિવર્તન કરે
વરસાદી વાદળની કાયાપલટ કરે
સાગરનો વૈભવ મટતો નથી,
સ્વલ્પ પણ ઘટતો નથી.

ધરતીને ખેડવામાં આવે
એમાં ઉપરાઉપરી બીજારોપણ થાય
એની ઉપર અવનવી રચનાઓ કરાય
તો પણ એ એવી જ અચળ રહે છે.

આપણા અનુરાગના ઐશ્વર્યનું પણ એવું જ છે.
એમાંથી ગમે તેટલું લેવામાં, વહેતું કરવામાં, ગાવામાં આવે
તોપણ એ અનુરાગ ખૂટતો નથી.
અનંતકાળથી એનો આસ્વાદ લેવા છતાંય
એનો તાર તૂટતો નથી,
એને માણવાનો સ્વભાવ વછૂટતો નથી.

* * *

## ૩૯. અકારણ ચિંતા

નિત્ય અને અનિત્યની ચિંતામાં ક્યાં પડું?
અનિત્ય પણ આનંદ અર્પે, શાંતિ બક્ષે તો શા માટે ના લઉં;
અંતે તો સઘળું અનિત્ય જ છે.
નિત્ય અને અનિત્યની ચિંતામાં શા માટે પડું?

પૂર્ણ અને અપૂર્ણની ઉપાધિમાં ક્યાં પડું?
અપૂર્ણ રસ ધરે, પૂર્ણત્વની પ્રેરણા ભરે તો એનો લાભ શા માટે ના લઉં;
અંતે તો સઘળું અપૂર્ણ જ છે.
પૂર્ણ અને અપૂર્ણની ઉપાધિમાં શા માટે પડું?

ધ્રુવ અને અધ્રુવના વર્ગીકરણમાં કાં પડું?
અધ્રુવ અભ્યુત્થાન કરે, પ્રકાશ ધરે, તો એનો અંગીકાર શા માટે ના કરૂં;
અંતો તો સમસ્ત સર્જન અધ્રુવ છે.
ધ્રુવ અને અધ્રુવની ઉપાધિમાં શા માટે પડું?

શાશ્વત અને અશાશ્વતની ફિલસૂફીમાં શા માટે પડું?
અશાશ્વત શાશ્વત તરફ લઈ જાય તો શા માટે એની અવજ્ઞા કરૂં;
આમ તો સર્વકાંઈ અશાશ્વત છે.
શાશ્વત અશાશ્વતની વિચારસરણીમાં વ્યર્થ કાં પડું?

પ્રત્યેક્ષને મૂકીને પરોક્ષની,
જ્ઞાતને છોડીને અજ્ઞાતની આરાધનામાં કાં પડું?
જીવનના રહ્યાસહ્યા રસને કસને ખોઈ નાખીને
શા માટે ફોગટ ફેરા કરું?
પ્રત્યક્ષ ને પરોક્ષની, જ્ઞાત અજ્ઞાતની હરિફાઈમાં કાં પડું?

છે એને જ શા માટે ના આરાધું?
એનો લાભ લઈને સુખશાંતિ શા માટે ના પામું?
આનંદ શા માટે ના અનુભવું?

એ ધ્રુવ નિત્ય પૂર્ણ શાશ્વત ના હોય તો પણ શું?
એ ના હોય ત્યારે સ્વસ્થ રહી શકું, શાંત બની શકું
એટલું પરિબળ પામી લઉં,
પછી બીજી ઉપાધિમાં પડીને હાથે કરીને શા માટે અશાંત થઉં?

ધરતી પર ફરી શકતો હોઉં
તો આકાશમાં અકારણ ઉડનારો શા માટે ફિલસૂફ થઉં?

* * *

## ૪૦. કર્તવ્ય

તમે મને નવજીવન અર્પ્યું
નવેસરથી શરીર સમર્પ્યું;
તમને લાગ્યું હું તમારે માટે જીવી શકું તેમ છું
કાંઈક કામનું કરી શકું તેમ છું
તેથી મને જીવન અર્પ્યું,
મારે માટે નહીં, તમારે માટે શરીર સમર્પ્યું.

જે તમારું છે, તમે અર્પ્યું છે,
તેનો તમારે માટે જ વિનિયોગ કરવાનું
મારું પવિત્ર કર્તવ્ય થઈ પડ્યું.
એમાં કશું કહેવાનું ના રહ્યું.



*   *   *

## ૪૧. માગણી

દૃષ્ટિ નહિ, દર્શન;
શ્રુતિ નહિ, શ્રવણ.
વાણી નહિ કિન્તુ વચન;
ત્વચા નહિ, સ્પર્શન.

હૃદય નહિ કિન્તુ સંવેદન,
મગજ નહિ, મનન.
શ્વાસનળી જ નહિ કિન્તુ શ્વસન;
જિંદગી નહિ, જીવન.

શરણાગતિ નહિ, શરણ.
મરણ નહિ, અભિસરણ.
પૃથ્વીની પરિક્રમાએ પહોંચેલાં
સ્વસ્થાને પાછાં ફરનારાં ચારુ ચંદનઅર્ચિત ચરણ.

હું માગું છું,
કાયા નહિ, માયા નહિ, માયાહરન
કાયાના કરુણાર્દ્ર કૃતાર્થકરન.
એ વરિષ્ઠનું જ કરું છું વરણ.

* * *

## ૪૨. આપણો સંબંધ

હું તે તું, તું તે હું.
આપણા ઉભયમાં વિચારી શકાય,
વર્ણવાય, એવો ભેદભાવ શું?

બિંદુ સિંધુ, સિંધુ બિંદુ.
સિંધુ સિવાય બિંદુ ના તો બિંદુ સિવાય સિંધુ શું?

રવિનું રશ્મિ, રશ્મિઓનો રવિ.
એકની અનુપસ્થિતિમાં અન્યનું અસ્તિત્વ જ શું?

અગ્નિનો અંગાર, અંગારાનો અગ્નિ.
પાંખડી વિનાનું કોઈ પુષ્પ ક્યાં થયું?
આંખડી વિનાનું ભલે અંગ કો રહ્યું
આંખને આભા વિનાની સ્વપ્ને ના ગણું.
પાંખ વિનાનું કોઈ પંખી ના બન્યું.

આંખ પાંખ તું જ મારી,
હુંય આંખ પાંખ તારી;
દીપિકા ને મૃત્તિકાશો આપણો સંબંધ;
બીજમાં જ વૃક્ષ વસે, વૃક્ષમાંથી બીજ બને,
એકથી વ્યાપાર બને ઉભયના બંધ.

* * *

## ૪૩. છત્રછાયા

મારી વહાલભરી વાંસળીને છાતીસરસી ચાંપીને
અધરોષ્ઠ પર અડાડીને
એનો આસ્વાદ લેતાં
તમે ના જાણો કેટલા બધા વખતથી, અનંતકાળથી,
પૃથ્વી, પાતાળ, પર્વત, સરિતા, સમદર તથા ગગનમાં ફર્યા કરો છો
સ્વયં મુગ્ધ મસ્ત બનો છો ને મને કરો છો.

તમારા સુરીલા સ્વરોએ મને સંતૃપ્તિ ધરી છે,
ને તમારી કળાને કૃતાર્થ કરી છે.
દર્શકો તથા શ્રોતાઓને પણ તેથી તૃપ્તિ મળી છે.
મને એટલો સંતોષ છે કે મને જ નહિ,
બીજા અનેકને એથી જીવનની ધન્યતા વરી છે.

વાંસળી ભલે સમય સમય પર બદલાતી રહી,
એને તમારી સદાની સંનિધિ જ નહીં, છત્રછાયા મળી છે.

* * *

## ૪૪. સૂત્ર અને સુમન

સૂત્રે સુમનને જણાવ્યું
આપણે બંને સંપીને સ્નેહની સાથે રહીએ તો?
કેટલાં બધાં શોભી ઊઠીએ, આશીર્વાદરૂપ થઈએ?

સુંદર સુવાસિત સુમને મોં મચકોડ્યું.
એની પ્રત્યે અવજ્ઞાસૂચક પારુષ્યનું પ્રદર્શન કર્યું.

સૂત્ર સમજીને શાંત જ રહ્યું.

પરંતુ સ્વલ્પ સમયમાં જ
સુમનને અન્ય સૌરભસભર સુમનો સાથે
માળીએ એ જ અવજ્ઞાપ્રાપ્ત સૂત્ર સાથે પરોવ્યું.
એની મનહર માળા કરીને એને દેવમંદિરે ચઢાવ્યું.
સૂત્રે એનાતરફ અનેરા આત્મસંતોષ સાથે અવલોક્યું
પરંતુ સુમન શાંત જ રહ્યું.
એનાથી કશું કહી ના શકાયું.

* * *

## ૪૫. વેદાંત

બે વેદાંતવેત્તા વાતે વળગેલા.
એક અતિશય વિદ્વાન,
બીજા સામાન્ય અક્ષરજ્ઞાની પરંતુ સ્વાનુભવસંપન્ન.

પહેલાએ જણાવ્યું પરમાત્મા સઘળે વ્યાપક છે,
સૌ પ્રત્યે પ્રેમ સૌના પ્રત્યે કરુણા રાખો.

બીજાએ શાંતિ રાખી.

એટલામાં તો આમ્રવૃક્ષની નીચે બેઠેલા એ વેદવિદ્વાને
આમ્રફળને મેળવવા માટે વૃક્ષ પર પથ્થર માર્યો.

બીજો એથી બૂમ પાડી ઊઠ્યો,
અરે મને વાગ્યું, ખૂબ જ વાગ્યું,
અંતરના અંતરતમમાં વાગ્યું.

પહેલો ક્રોધે ભરાયો.
હું કેરી પાડું છું ને તું વચ્ચે આવે છે?

બીજો રડવા લાગ્યો.

* * *

## ૪૬. સન્માન

સંગ્રામમાં શૌર્ય બતાવવા બદલ
સેનાપતિને મરણોત્તર પુરસ્કાર મળ્યો.
એની વિધવા પત્નીને અનેકો તરફથી આશ્વાસન અપાયું;
આજીવિકાનો પ્રબંધ કરાયો.
મેડલ મળ્યો.
એના સંતાનોને માટે શિક્ષાદિની સમુચિત સગવડ કરાઈ.

સારું થયું.

કિન્તુ સંગ્રામમાં
સફળતા સહિત સામનો કરનાર
લડનાર
વિજયની પહેલી અને છેલ્લી ગોળી મારનાર સૈનિકનું
સમુચિત તો શું સ્વલ્પ પણ સન્માન ના થયું.
કારણ કદાચ એ કે એ સામાન્ય સૈનિક હતો,
જીવતો હતો.

* * *

## ૪૭. પારિતોષિક

પ્રસિદ્ધિ પામેલા શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક મળ્યાં.
એમનાં નામ જનતાની જાણ માટે જાહેર થયાં.
એમના સર્જકોને સમાચાર સાંપડ્યા.
પ્રકાશિત પુસ્તકોને પારિતોષિક મળ્યાં.

પારિતોષિકનો નિર્ણય કરનારી
પંડિત કે પ્રાજ્ઞ મનાતા પુરુષોની પસંદગી સમિતિએ
પારિતોષિકના પ્રકાર નક્કી કર્યા.
એના વર્તમાન વ્યોમવાણી દ્વારા વહેતા થયા.

સ્વાનુભવસંપન્ન સાહિત્યસર્જકે જણાવ્યું
પ્રસિદ્ધિ પામેલાં પુસ્તકોને પારિતોષિક મળ્યાં
તે પસંદગી સમિતિનાં પારિતોષિક થયાં,
તેમને જ પારિતોષિક મળ્યાં.

* * *

## ૪૮. વિરક્તિ

એકાંત અરણ્યના આશ્રમમાં
હિમાચ્છાદિત પર્વતપંક્તિ વચ્ચે બે મઢૂલી હતી.
ઉભયની વચ્ચે થોડુંક અંતર હતું.
ના. ઊડીને આંખે વળગે એવું અધિક અંતર.
એમાં વરસોથી બે વિરક્ત પુરુષો વસતા.
એમની વચ્ચે સુમેળ નહોતો.
એક નાના છતાં મહત્વનાં મુદ્દા પર મતભેદ પ્રવર્તતો
– સ્ત્રીના મુદ્દા પર.

એક વિરક્ત સાધુ સાથે સુંદર સન્નારી હતી.
બીજાને એ નહોતું ગમતું. સાલતું.
એ એને માયા પારાવારમાં પડેલો માનતો.

એક રાતે આકાશમાં ચંદ્ર તથા તારા ટમકતા ત્યારે
બીજા વિરક્ત પુરુષે બ્રાહ્મમુહૂર્તમાં ધ્યાનભંગ બનીને
પહેલાંની પાસે પહોંચીને કોલાહલ કરીને
એને ધ્યાનભંગ બનાવતાં જણાવ્યું,
તું માયાના પારાવારમાં પડ્યો છે,
તારું પતન થયું છે,
તારી સાથે સ્ત્રી છે.

પહેલા પુરુષે પ્રશાંતિપૂર્વક પ્રત્યુત્તર આપ્યો,
કોનું પતન, શાનું પતન?
માયાના પારાવારમાં કોણ પડ્યું, ધ્યાનભંગ થયું?
તારે માટે સ્ત્રી તે મારે મન નારાયણી છે, ત્રિપુરાસુંદરી.
સાથે રહીને જો તો ખરો કેમ રહેવાય છે!
તું તો દૂર રહીને પણ નિરાંતે નિશ્ચિંતતાપૂર્વક
નિર્મોહવૃત્તિથી નથી રહી શકતો.

ચંદ્ર તથા તારાએ પ્રતિઘોષ પાડ્યો

સાથે રહીને જો તો ખરો.
સહજીવનને અનુભવ તો ખરો.

વિરક્ત પુરુષ રોષે ભરાઈને ચાલી નીકળ્યો.

*  *  *

## ૪૯. બાગમાં

દક્ષિણ આફ્રિકાનો ક્રુગર નેશનલ પાર્ક.
એમાં અવલોક્યાં કુદરતને ખોળે ખેલનારાં
ચપળ ચંચળ ચિત્તાકર્ષક ભયભીત હરણ,
ટોળામાં જ રહેવા ટેવાયેલી જંગલી જોરાવર છતાં ભીરુ ભેંસો;
ધીરગંભીર ગતિથી ચાલતા, સિંહનો સામનો કરનારા હાથી,
ક્રૂર અતિક્રૂર કહેવાતા છતાં નિશ્ચિંત નિર્લેપ જેવા સિંહ.
વરુ, છળયુક્ત શિયાળ, ભયંકર દેખાવના દીપડા,
વિકરાળ વાઘ, મગરમચ્છ, ગાય.

દક્ષિણ આફ્રિકાના પ્રખ્યાત પાર્કની પેઠે
આ બાગમાં પણ આજ સુધી અવલોક્યાં
એ જ પ્રમાણે પાર વિનાનાં પશુઓ.
વાઘ, વરુ, દીપડા,
ટોળામાં રહેવા ટેવાયેલાં જળચરો તથા સ્થળચરો.
ક્યાંક હરણ, હાથી, ક્યાંક એકાદ જ સિંહ.
કોઈક ધન્ય પળે મંગલ મુહૂર્તે એકાદ વિરલ માનવ.

વિશેષતયા કહે છે કે આ વિશાળ અતિ વિશાળ બાગમાં
વસે છે વિહરે છે વિલોકાય છે જંગલી જાનવર.

* * *

## ૫૦. મનોરથ

તમે એને રહેવા માટે આવાસ આપ્યો.
તમે એને એવો ના રાખ્યો;
બગાડી નાખ્યો.

એને વીંટવા વિભૂષિત બનવા વસ્ત્ર આપ્યું;
એણે એને એવું અકબંધ અવનવું ના રાખ્યું;
બગાડી નાખ્યું.

એને પિપાસામાંથી મુક્તિ મેળવવા, ક્ષુધાને સંતર્પવા
પ્રાણવાન પવિત્ર પાત્ર પ્રદાન કર્યું.
એણે એને એવું અનેરું આહલાદક આકર્ષક ના રાખ્યું;
બગાડી નાખ્યું. તોડી નાખ્યું.

એને અફસોસ થયો.
એ વિચારે ચઢ્યો.
તમે જે આપ્યું છે એને સુધારું,
બની શકે તો એવું જ રાખું,
સવિશેષ સુશોભિત કરીને પુનઃઅર્પણ કરું.
એણે મંગલ મનોરથ કર્યો.

તમને તેનો સંતોષ થયો.
ત્યાં તો એના પ્રવેશ પર પડદો પડ્યો.

* * *

## ૫૧. લક્ષમાં જ ના લીધો

મેં એમને તીર્થ વિશે પૂછ્યું તો એમણે
અનેકવિધ તપઃપૂત તપશ્ચર્યાયુક્ત
પવિત્ર તીર્થસ્થાનો બતાવ્યાં.

મેં એમને ગ્રંથ વિશે પૂછ્યું તો એમણે
વિવિધ જ્ઞાનસભર જ્ઞાનપ્રદાયક ગ્રંથો બતાવ્યા.

એમને પંથ વિશે સંત મહંત વિશે
મંગલ મધુમય મંદિર વિશે પૂછ્યું તો એમણે
પૂર્ણપવિત્ર પંથ સિદ્ધ સંતમહંત,
મંગલમય મહાન મંદિરોને દર્શાવ્યાં.
ત્યારે મને નવાઈ લાગી.

માનવના મહામંગલ તપઃપૂત તીર્થને,
ગૌરવસભર મહામહિમ સર્વશ્રેષ્ઠ જ્ઞાનગ્રંથને,
એના પંથને, મહામૂલ્યવાન મંગલમય મહાદેવને
કે મંદિરઘંટને એમણે લક્ષમાં જ ના લીધો.

* * *

## ૫૨. પ્રયોજનનું વિસ્મરણ

સંગીતના સુરીલા સ્વર્ગીય સુધાસભર સુસ્વાદુ સ્વર,
ઉલ્લાસપ્રેરક ઉર્મિદ્યોતક ઉપવનાલય,
સમીપમાં જ સરસ સુવિશાળ સરિતા.
રમણીય રસીલી રજનીનો શાંત સમય.

સંગીતના સુખસંચારક સ્વરશ્રવણથી મંત્રમુગ્ધ બનીને
કોઈક ડોલવા લાગ્યા તો કોઈક ગાવા.
કોઈક આશ્ચર્યચકિત અચળ બનીને બેસી રહ્યા
તો કોઈ રોમાંચિત થઈને નાચવા માંડ્યા.
કોઈક સંગીતની સુખદ સુરાવલિના શાસ્ત્રને સમજ્યા
તો કોઈ શાંતિથી સમજવા લાગ્યા.

સંગીતના સમીપવર્તી સદનમાંથી સતત રીતે સરનારા સુસ્વર.
એમના આસ્વાદને અનુભવીને આવનારા એ સર્વને મેં પૂછ્યું કે
તમે સ્વર્ગીય સુમધુર સર્વોત્તમ સંગીતસ્વરનો સ્વાદ તો લીધો
કિન્તુ જેનું સંગીત હતું તે સ્વરસમ્રાટના સંમિલનને સાધ્યું?
તમારું પ્રવાસપ્રયોજન તો તે હતું.

અને એ એમની નિષ્ફળતાને માટે નિરાશ થયા.
એમને પોતાના પ્રસન્નતાપ્રદાયક પુણ્યપ્રવાસના
પ્રયોજનનું જ વિસ્મરણ થયેલું.

* * *

## ૫૩. સૃષ્ટિ

સરજનહારે સૃષ્ટિ કરી
વિભિન્ન વિરોધાભાસે ભરેલી, સોમલે છલેલી;
સુખને બદલે દુઃખથી, શાંતિને બદલે અશાંતિથી રસેલી
સરજનહારે શા માટે સૃષ્ટિ કરી?
એમણે મને પૂછ્યું.

મેં એમને સામેથી પૂછ્યું,
કઈ સૃષ્ટિ?

સરજનહારે સૃષ્ટિ કરી.
માનો કે સરજનહારે સૃષ્ટિ કરી
છતાં પણ તમે શા માટે શાંતિ ના ધરી,
સરજનહારે તો કરી હોય તો કરી
પરંતુ તમારી સૃષ્ટિને તમે શા માટે એવી કરી?
જરા વિચારો તો ખરા,
એમાં કેવી વૃષ્ટિ,
એની કેવી પુષ્ટિ,
એના પ્રત્યે કેવી દૃષ્ટિ કરી,
એમાં પધારીને કેવી પ્રવૃત્તિ કરી;
કેવી કરવાની હતી ને કેવી કરી?

* * *

## ૫૪. શોધ

સંગીતસમારોહના સાજમાંથી છૂટો પડેલો સ્વર
શોધે છે
સંગીતસમારોહના સ્વકીય સાજને.

સૂર્યમંડળમાંથી સરી પડેલું કિરણ
શોધે છે
શોધી રહ્યું છે
એના સૂરજને.

સિંધુમાંથી અલગ થયેલું બિંદુ
મેઘમંડળમાંથી વરસેલું મેઘબિંદુ
શોધ કરે છે
સિંધુની
પોતાના જ મેઘબિંદુની.

ધરતીની રસાળ રજમાંથી
વિખૂટો પડેલો કણ
શોધી રહ્યો છે
ધરતીની રજને,
કહો કે વિશાળ ધીરગંભીર ધરતીને.

પંખી માળાને
નિર્ઝર જળની ધારાને.

* * *

## ૫૫. પ્રેમ

સંસારના સર્વશક્તિસંપન્ન સ્વામી
સર્વેશ્વરને પરમાત્માને ચિંતા થઈ,
સંસારનું સર્જન તો કર્યું
પણ
માનવ એનું વિસર્જન કરે છે,
કરી નાખશે તો?
એને અખંડ અમર આનંદમય રાખવા શું કરવું?

એમને સૂચવવામાં આવ્યું,
બધું ભલે ભસ્મ થાય
પરંતુ પ્રેમને અક્ષય રાખજો.
પછી સંસારનું વિસર્જન નહિ થઈ શકે.


સર્વાન્તર્યામી સર્વેશ્વરને એ સાંભળીને શાંતિ થઈ.

* * *

**સમાપ્ત**

* * *

## ABOUT THE AUTHOR



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્‌ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ **દર્પણ** ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ ▪ પૂજા |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભીપ્સા ▪ પ્રસાદ ▪ પ્રેમાલાપ ▪ અંતરનો અનુરાગ ▪ સ્વર્ગીય સૂર ▪ સંતવાણી ▪ સાંઈ સંગીત ▪ તુલસીદલ ▪ અર્પણ |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મીણિ ▪ ગાંધી ગૌરવ ▪ (રામકૃષ્ણ) રસામૃત |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*

**For more information**
**on Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**